


# આહ્વાન

**A Monthly Bulletin of Shahpur Methodist Church**

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.



Email : revrajuparmar@gmail.com


Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Raju N. Parmar

(M) 8238260259



**વર્ષ - ૫૬** **એપ્રિલ - ૨૦૨૬** **પત્ર - ૧૫૨**


ખ્રિસ્તમાં વ્હાલા ભાઈઓ અને બહેનો,

પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં ઈસ્ટરની પ્રેમી સલામ.

આપણે સર્વ તપઋતુમાંથી પસાર થયા, દુઃખ સહન સપ્તાહ, પામ સન્ડે પ્રભુ ઈસુએ યરૂશાલેમમાં વિજયવંત પ્રવેશ કર્યો, મંદિરનું શુદ્ધિકરણ કર્યું, ધાર્મિક આગેવાનો સાથે વાદ-વિવાદ કર્યો, પ્રભુ ઈસુ ખ્રિસ્તે માનવજાત માટે દુઃખો, વેદના, યાતના, પીડા સહન કર્યા, સિપાહીઓએ તેમના ઠઠ્ઠા અને મશ્કરી કર્યા, કાંટાનો મુગટ ગુંથીને તેમના માથા પર મૂક્યો, તેમને મુક્કીઓ મારી, કોરડાનો માર મારવામાં આવ્યો અને ગુડફ્રાઈડે ભલા શુક્રવારના દિવસે પ્રભુ ઈસુને વધસ્તંભે જડી દેવામાં આવ્યા, જગતના સઘળી માનવજાતના પાપો માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ ઉપર નિર્દોષ, નિષ્કલંક અને નિષ્પાપ બલિદાન આપ્યું. તેઓ વધસ્તંભ ઉપર મરણ પામ્યા, તેમને દફનાવવામાં આવ્યા અને ત્રીજા દિવસે તેઓ પુનરુત્થાન પામ્યા. પુનરુત્થાન એટલે મરણ ઉપર વિજય પામ્યા, મરણને હરાવ્યું અને સજીવન થયા.

પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પુનરુત્થાન જગતના ઈતિહાસમાં સૌથી મહત્ત્વનો પ્રસંગ છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તનું પુનરુત્થાન તે નવા કરારનો પાયાનો સિદ્ધાંત છે. નવા કરારમાં ૧૦૪ વખત પુનરુત્થાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ખ્રિસ્તી ધર્મનું ગૌરવ અને મહિમા ખાલી કબરમાં છે. ઈસુ ઊઠ્યો છે, માથ્થી ૧૬:૨૧, માર્ક ૮:૩૧, લૂક ૯:૨૨. ઈસુએ પોતાના મરણની આગાહી કરી હતી. ઈસુએ કહ્યું કે હું મરણ પામીશ અને ત્યારબાદ ત્રીજા દિવસે પાછો ઊઠીશ.

**ખાલી કબર :** માથ્થી ૨૮:૬, તે અહીં નથી, કેમ કે તેના કહ્યા પ્રમાણે તે ઊઠ્યો છે, આવો ને જ્યાં પ્રભુ સૂતો હતો તે જગા જુઓ. કેટલીક સ્ત્રીઓ જેમણે પ્રભુ ઈસુને વધસ્તંભ ઉપર જોયા હતા. માર્ક ૧૫:૪૦, લૂક ૨૪:૧-૨, અઠવાડિયાને પહલે દહાડે, પ્રભાતે જે સુગંધીદ્રવ્યો તેઓએ સિદ્ધ કર્યા હતા તે લઈને તેઓ કબરે આવી. તેઓએ કબર પરથી પથ્થર ગબડાવી દીધેલો દીઠો. તેઓ ઈસુના શરીરને અભિષિક્ત કરવા સુગંધી દ્રવ્યો તૈયાર કરીને લાવ્યા હતા, પણ આ સ્ત્રીઓ જ્યારે ઈસુની કબર પાસે આવી ત્યારે તેમણે જોયું કે પથ્થર તો ગબડાવી દીધેલો છે. માથ્થી ૨૮:૨-૪, પ્રભુ ઈસુની કબર ખાલી છે. લૂક ૨૪:૨-૩ તેઓએ કબર પરથી પથ્થર ગબડાવી દીધેલો દીઠો, તેઓ માહે પેઠી પ્રભુ ઈસુનું શબ તેઓએ દીઠું નહિ.

**દૂતોની સાક્ષી :** માથ્થી ૨૮:૫, ત્યારે દૂતે તે સ્ત્રીઓને કહ્યું, બીહો માં કેમ કે હું જાણું છું કે વધસ્તંભે જડાયેલા ઈસુને તમે શોધો છો? તે અહીં નથી. કેમ કે તેના કહ્યા પ્રમાણે તે ઊઠ્યો છે અને વહેલા જઈને શિષ્યોને કહો કે મૂએલામાંથી તે ઊઠ્યો છે. લૂક ૨૪:૫-૭ તેઓએ બીહીને જમીન સુધી પોતાના માથા નમાવ્યા ત્યારે તેઓએ તેઓને કહ્યું કે મૂએલાઓમાં તમે જીવતાને કેમ શોધો છો? તે અહીં નથી પણ ઊઠ્યો છે, તે ગાલીલમાં હતો ત્યારે તેણે તમને કહ્યું હતું કે, પાપી માણસોનાં હાથમાં માણસનો દીકરો પરસ્વાધીન કરાય તથા વધસ્તંભે જડાય તથા ત્રીજે દિવસે પાછો ઊઠે તે અવશ્યનું છે તે યાદ કરો.

એક જ સમયે ૫૦૦થી વધારે લોકોએ તેમને જોયા. ૧ કરિંથી ૧૫:૬, ત્યારપછી એકી વેળાએ પાંચસો કરતાં વધારે ભાઈઓને તેમનું દર્શન થયું. જેઓમાંના ઘણા ખરા હજુ સુધી હયાત છે પણ કેટલાક ઊંઘી ગયા છે.

સ્તેફનના મરણ સમયે તેણે તેમને જોયા. પ્રે.કૃ. ૭:૫૬ તેણે કહ્યું કે જુઓ, આકાશ ખુલ્લું થયેલું તથા દેવને જમણે હાથે માણસના દીકરાને ઊભેલો હું જોઉં છું.

દમસ્કના રસ્તે પાઉલને પ્રભુ ઈસુનું દર્શન થયું. પ્રેરિતોનાં કૃત્યો ૯:૫ ત્યારે તેણે કહ્યું કે, પ્રભુ તું કોણ છે? તેણે કહ્યું કે હું ઈસુ છું જેને તું સતાવે છે.

પ્રભુ ઈસુ પુનરુત્થાન પામ્યા પછી શિષ્યોના જીવનમાં આવેલું પરિવર્તન એક સમયે તેઓ નાસતા ફરતા હતા, છુપાતા, ડરી ગયા હતા. ગભરાયેલા હતા પણ જ્યારે તેઓએ સજીવન થયેલા ઈસુને જોયા ત્યારે શિષ્યોના જીવનમાં અદ્ભુત પરિવર્તન આવ્યું.

ઈસુએ જે પ્રમાણે કહ્યું હતું તે પ્રમાણે ઈસુ પોતાના દેહ સાથે સજીવન થયા. પ્રેરિતોના કૃત્યો ૨:૨૪ તેને દેવે મરણની વેદનાથી છોડાવીને ઉઠાડ્યો, કેમ કે તેનાથી તે બંધાઈ રહે એ અશક્ય હતું.

પુનરુત્થાન ખ્રિસ્તી વિશ્વાસનો પાયો છે, પ્રભુ ઈસુ વધસ્તંભે જડાયા, મરણ પામ્યા, પુનરુત્થાન પામ્યા, સ્વર્ગમાં ચઢી ગયા અને ઈશ્વરપિતાના જમણે હાથે બિરાજમાન છે. પુનરુત્થાન પામેલા ઈસુ આજે જેઓ નિરાશામાં છે તેમને નવી આશા, હિંમત અને સામર્થ્ય આપે છે. પ્રભુ ઈસુ પુનરુત્થાનના સામર્થ્યમાં આપણને બળવાન અને હિંમતવાન કરો. આમેન...


**આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ એક આશીર્વાદિત કુટુંબ તરફથી મળેલ છે. - આભાર**

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : માર્ચ-૨૦૨૬

- તા. ૬-૩-૨૦૨૬, અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ આયોજીત આત્મિક જાગૃતિની મિટીંગ માટે આપણા ચર્ચમાં મળ્યા હતા, શ્રી એન્થોનીભાઈ ઈમાનુએલે લીડીંગ કર્યું હતું અને શ્રીમતી વેલેન્ટીનાબેન રાણાએ પ્રભુના વચનોનું મનન કરાવ્યું હતું.
- તા. ૮-૩-૨૦૨૬, ભજનસેવામાં વિશ્વ મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. શ્રીમતી અલ્પાબેન પરમારે ભજનસેવાનું લીડીંગ કર્યું હતું અને શ્રીમતી રોબિનાબેન ક્રિશ્ચિયને પ્રભુના વચનોનું મનન કરાવ્યું હતું.
- તા. ૧૩-૩-૨૦૨૬, મહિલા મંડળ દ્વારા વિશ્વ પ્રાર્થના દિનની ઉજવણી કરવામાં આવી હતી. શ્રીમતી કમળાબેન ક્રિશ્ચિયન દ્વારા લીડીંગ કરવામાં આવ્યું હતું અને શ્રીમતી અલ્પાબેન પરમારે પ્રભુના વચનોનું મનન કરાવ્યું હતું.
- તા. ૧૫-૩-૨૦૨૬, ભજનસેવા બાદ માર્કની સુવાર્તા આધારિત બાઈબલ ક્વીઝ લેવામાં આવી હતી જેમાં ૧૭ વ્યક્તિઓએ ભાગ લીધો હતો.
- તા. ૨૨-૩-૨૦૨૬, ભજનસેવા બાદ સન્ડેસ્કૂલ બોર્ડમાં અને સ્થાનિક મહિલા મંડળના અધિવેશનમાં મળ્યા હતા.
- તા. ૨૯-૩-૨૦૨૬, પામ સન્ડેની ભજનસેવામાં મળ્યા હતા. દુ:ખ સહન સપ્તાહમાં રાયખડ વિસ્તારના વક્તા રેવ. ડૉ. ડેવિડ જોયએ પ્રભુના વચનોનું મનન કરાવ્યું હતું. ભજનસેવા બાદ એમ.વાય.એફ. અધિવેશનમાં મળ્યા હતા.

## પાળક મારફતે મળેલ બર્થડે અને આભારસ્તુતિના દાનો

| | | |
|---|---|---|
| કલ્પનાબેન વી. ક્રિસ્ટી | આ.સ્તુ./લેન્ટ | ૩૦૦૦ |
| લિનિયસ એલ. પેલમોર | લેન્ટ | ૫૦૦ |
| રીટાબેન જે. કીન | આ.સ્તુ./બર્થડે | ૨૫૦૦ |
| આલાપભાઈ જે. માસ્ટર | બર્થડે | ૧૦૦૦ |
| સામીભાઈ એ. ગામડિયા | લેન્ટ | ૫૦૦ |
| રીચાર્ડભાઈ હિવાળે | લેન્ટ | ૫૦૦ |
| કોલીનભાઈ એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| આર્લીનબેન એસ. સકારીયા | આ.સ્તુ. | ૫૦૦ |
| સુશીલાબેન એસ. ક્રિસ્ટી | લેન્ટ | ૫૦૦ |
| નોએલભાઈ એસ. ક્રિસ્ટી | આ.સ્તુ./બર્થડે | ૩૦૦ |
| રાજ શાહ | આ.સ્તુ. | ૫૦૦ |
| ડૉ. જીની જોન મેકવાન | બર્થડે | ૫૦૦ |
| સત્યવતીબેન વી. દાસ | બર્થડે | ૫૦૦ |
| સિલાસભાઈ જી. ચૌહાણ | આ.સ્તુ. | ૨૦૦૦ |
| ટ્વીંકલબેન ક્રિસ્ટી | બર્થડે | ૧૦૦૦ |
| મેરેલીનબેન એન. ચૌહાણ | બર્થડે | ૧૦૦૦ |
| પ્રતિમાબેન એ. માસ્ટર | લેન્ટ | ૫૦૦ |
| ડાયનાબેન એમ. ચૌહાણ | લેન્ટ | ૧૦૦૦ |
| રીનાબેન જે. દાસ | બર્થડે | ૧૦૦૦ |

## લેન્ટની મિટીંગો

આપણી મંડળીમાં તા. ૧૮-૨-૨૦૨૬ થી તા. ૨૮-૨-૨૦૨૬ સુધી લેન્ટની મિટીંગોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈશ્વરપિતાની અદ્ભુત કૃપામાં આ મિટીંગો આશીર્વાદિત રહી હતી. આ મિટીંગો માટે મુદ્રાલેખ રોમનોને પત્ર ૫:૮ પણ આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે માટે મરણ પામ્યા, એમ કરવામાં ઈશ્વર આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે. આ લેન્ટના દિવસોમાં મુદ્રાલેખ આધારિત રોમનોને પત્ર પર મનન કરાવવામાં આવ્યું હતું. આ મિટીંગો માટે ચર્ચમાં મળ્યા હતા. મંડળીના કુટુંબો તરફથી મિટીંગ તેમના ઘરે અને ચર્ચમાં રાખવામાં આવી હતી. તેઓના નામ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | તા. ૨૧-૨-૨૦૨૬ | શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયન |
| ૨. | તા. ૨૨-૨-૨૦૨૬ | શ્રી એન્થોનીભાઈ એ. ક્રિશ્ચિયન |
| ૩. | તા. ૨૬-૨-૨૦૨૬ | શ્રી ફ્રાન્સિસભાઈ વી. ગોહેલ |
| ૪. | તા. ૧-૩-૨૦૨૬ | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી |
| ૫. | તા. ૬-૩-૩૦૨૬ | શ્રી આલાપભાઈ જે. માસ્ટર |
| ૬. | તા. ૭-૩-૨૦૨૬ | શ્રી લિનિયસ એલ. પેલમોર |
| ૭. | તા. ૮-૩-૨૦૨૬ | શ્રી સામીભાઈ એ. ગામડીયા |
| ૮. | તા. ૧૪-૩-૨૦૨૬ | શ્રી રીચાર્ડભાઈ હિવાળે |
| ૯. | તા. ૨૪-૩-૨૦૨૬ | શ્રીમતી સત્યવતીબેન વી. દાસ |
| ૧૦. | તા. ૨૭-૩-૨૦૨૬ | શ્રીમતી પ્રતિમાબેન એ. માસ્ટર |
| ૧૧. | તા. ૨૮-૩-૨૦૨૬ | શ્રીમતી ડાયનાબેન એમ. ચૌહાણ |

આ મિટીંગોમાં સાથ સહકાર આપનાર, મદદરૂપ થનાર, ભાગ લેનાર મંડળીનાં સર્વ વ્હાલાઓનો પુષ્કળ આભાર. માનવામાં આવે છે. ઈશ્વરપિતા આપ સર્વને પુષ્કળ આશીર્વાદ આપો.

## મેથોડિસ્ટ ચર્ચ, શાહપુર, પાળક કુટુંબ અને પાસ્ટોરેટ કમિટી તરફથી આપ સર્વને ઈસ્ટરની પ્રેમી સલામ

## BIRTHDATE IN APRIL

- ૧/૪ લીલાબેન જે. ક્રિશ્ચિયન
- ૩/૪ સામી આલ્ફ્રેડ ગામડીઆ
- ૫/૪ સિન્ડ્રેલા સુભાષ હિવાળે
- ૬/૪ સુધાબેન એચ. કુંજરાવીયા (USA)
- ૭/૪ રોઝમેરી એ. પેલમોર
- ૯/૪ શાલીન એસ. માસ્ટર
- ૧૨/૪ સોલોમનભાઈ ટી. રૂબી
- ૧૬/૪ રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન
- ૧૬/૪ સેલીના એફ. ગોહિલ
- ૧૬/૪ સેનીટા પી. ક્રિશ્ચિયન
- ૧૬/૪ લક્ષ્મીબહેન એફ. રાઠોડ
- ૧૯/૪ હર્ષદરાય એ. કુંજરાવીયા (USA)
- ૨૦/૪ ડેઝીલ ડી. હેરી
- ૨૪/૪ ઈવેન્જલીના આઈ. ખ્રિસ્તી
- ૨૫/૪ સલોની એન. મહીડા
- ૨૫/૪ પારૂલ ઓ. ગામડીઆ
- ૨૬/૪ નિયંતા કે. ક્રિશ્ચિયન (USA)
- ૨૭/૪ કોમલ પી. ખ્રિસ્તી
- ૨૮/૪ પ્રીમા એસ. માસ્ટર
- ૩૦/૪ રશ્મીકાંત પી. મહિડા
- ૩૦/૪ દિપાલી પી. પરીખ

## નાણાંકીય અહેવાલ ફેબ્રુઆરી - ૨૦૨૬

| | | |
|---|---|---|
| તા.૧-૨-૨૬ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૭૭૮૫૦-૦૦ |
| | બેંક | ૫૫૭૯૨૯-૫૯ |
| તા.૨૮-૨-૨૬ સુધીની | આવક | ૨૩૧૨૩૮-૦૦ |
| | કુલ | ૮૬૬૯૧૭-૫૯ |
| તા.૨૮-૨-૨૬ની બંધ સિલક | | |
| | રોકડ | ૯૫૩૯-૦૦ |
| | બેંક | ૭૧૯૭૬૧-૫૯ |
| તા.૨૮-૨-૨૬ સુધીનો | ખર્ચ | ૧૩૭૬૧૭-૦૦ |
| | કુલ | ૮૬૬૯૧૭-૫૯ |

શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર